



# ચાર નેતા પહેલા મુખ્યમંત્રી બન્યા ત્યારબાદ પેટા ચૂંટણી લડ્યા છે

## ૨૦૧૨ના ચૂંટણી મેદાનમાં મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી અને પૂર્વ મુખ્યમંત્રી કેશુભાઈ પટેલ તેમજ શંકરસિંહ વાઘેલા છે:ત્રણેય નેતાઓનું ગોત્ર રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ છે

(ગૌતમ પુરોહિત) ગાંધીનગર,તા. ૨

ગુજરાતના અત્યાર સુધીના મુખ્યમંત્રીઓમાં નરેન્દ્ર મોદી એક એવા ઉમેદવાર છે કે જેમની સરસાઈ ૮૭૧૬૧ મતોની સર્વોચ્ચ રહી છે. તેઓ ત્રણ ચૂંટણી લડ્યા છે અને ત્રીજી ચૂંટણીમાં તેમની લીડમાં છ ગણો વધારો થયો છે. રાજ્યના પહેલા મુખ્યમંત્રી ડો.જીવરાજ મહેતાની લીડ માત્ર ૭૩૦૫ મતોની હતી પરંતુ તે સમયે મતદારોની સંખ્યા પણ ખૂબ ઓછી હતી.

રાજકીય ઈતિહાસ જોઈએ તો ચાર નેતાઓ એવાં છે કે જેઓ પહેલાં મુખ્યમંત્રી બન્યાં છે અને પછી વિધાનસભાની ચૂંટણી લડ્યા છે. સૌથી પહેલા બળવંતરાય



મહેતા (૧૯૬૩) અને ઘનશ્યામ ઓઝા (૧૯૭૨) મુખ્યમંત્રી બન્યા હતા અને પછી બેઠક ખાલી કરાવીને પેટા ચૂંટણી લડ્યા હતા.

તેમના પછી રાષ્ટ્રીય જનતા પાર્ટીના શંકરસિંહ વાઘેલા (૧૯૯૬) અને ભારતીય જનતા પાર્ટીના નરેન્દ્ર મોદી (૨૦૦૨) નો વારો આવે છે. આ બન્ને નેતાઓ અનુક્રમે રાધનપુર અને મણિનગર બેઠકથી પેટા ચૂંટણી લડ્યા હતા.

રાજ્યમાં માધવસિંહ સોલંકીને ત્રણ વખત મુખ્યમંત્રી બનવાનું ગૌરવ મળેલું છે. તેમના પછી નરેન્દ્ર મોદી ત્રણ વખત મુખ્યમંત્રી બન્યા છે. ૧૯૬૨માં જીવરાજ મહેતા અમરેલીમાંથી ચૂંટણી લડ્યા હતા અને ૭૩૦૫ની લીડ મેળવી હતી. તેમને મતદારોના પ્રમાણમાં ૧૭૦૦૦ મતો મળ્યા હતા, જેની સામે તેમના પ્રતિસ્પર્ધીને



૯૮૮૯ મતો મળ્યા હતા.

૧૯૬૭માં હિતેન્દ્ર દેસાઈ ઓલપાડની બેઠક ઉપરથી ૧૬૩૩૭ મતોની સરસાઈથી જીત્યા હતા. ૧૯૭૨માં સંખેડાની બેઠકથી ચીમનભાઈ પટેલે ૧૮૩૫૨ મતોની સરસાઈ પ્રાપ્ત કરી હતી. બાબુભાઈ જ.પટેલ સાબમતી બેઠક ઉપરથી ૧૫૯૩૧ મતોથી વિજયી રહ્યાં હતા. એવી જ રીતે માધવસિંહ સોલંકીએ ભાદરણ બેઠકથી ૧૯૮૦માં ૩૦૩૭૮ મતો અને ૧૯૮૫માં ૪૨૫૩૨ મતોની લીડ પ્રાપ્ત કરી હતી.

૧૯૯૦માં જનતાદળમાંથી ચૂંટણી લડેલા ચીમનભાઈ પટેલને ઉંઝાથી ૭૦૪૭૫ મતોની સરસાઈ પ્રાપ્ત થઈ હતી, પછી તે કોંગ્રેસમાં ભળી ગયા હતા. યુતિમાં કોંગ્રેસની આ છેલ્લી સરકાર હતી.

૧૯૯૫માં ભાજપની સરકાર



બની હતી, જેમાં મુખ્યમંત્રી તરીકે પ્રોજેક્ટ થયેલા કેશુભાઈ પટેલને વિસાવદર બેઠક ઉપરથી ૨૯૫૪૫ મતોની લીડ મળી હતી. તેઓ ૧૯૯૮માં પણ આ બેઠક ઉપરથી ૩૭૭૨૦ મતોની લીડ લાવ્યા હતા.

૧૯૯૬માં રાધનપુરથી પેટા ચૂંટણી લડી ચૂકેલા શંકરસિંહ વાઘેલાએ ભાજપના શંકર ચૌધરીને ૧૫૦૦૦ મતોથી હરાવ્યા હતા, જો કે ૧૯૯૮માં દિલીપ પરીખ મુખ્યમંત્રી હોવા છતાં ધંધુકાથી ચૂંટણી હારી ગયા હતા.

૨૦૦૧માં સત્તાસ્થાને આવેલા મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ રાજકોટની બેઠક ઉપરથી પેટા ચૂંટણી લડી હતી અને તેમણે કોંગ્રેસના અશ્વિન મહેતાને ૧૪૭૦૦ મતોથી હરાવ્યા હતા. મોદીએ ૨૦૦૨માં મણિનગરથી ચૂંટણી લડીને કોંગ્રેસના યતિન ઓઝાને ૭૫૩૩૩ મતોથી હરાવ્યા હતા. ૨૦૦૭માં મોદીના પ્રતિસ્પર્ધી દિનશા પટેલ હતા. દિનશાને મોદીએ ૮૭૧૬૧ જેટલા વિક્રમી મતોથી હરાવ્યા હતા.

હવે ૨૦૧૨માં ભાજપમાંથી મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી, કોંગ્રેસમાંથી પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલા અને ગુજરાત પરિવર્તન પાર્ટીમાંથી પૂર્વ મુખ્યમંત્રી કેશુભાઈ પટેલ ચૂંટણી લડી રહ્યાં છે. આ ત્રણેય નેતાઓનું ગોત્ર રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ છે.

**મોદીએ મણિનગરથી ૮૭,૧૬૧ મતોની સરસાઇ પ્રાપ્ત કરી હતી, જે મુખ્યમંત્રીઓને મળેલી લીડ કરતાં સૌથી વધારે હતી**



કેશુભાઈ પટેલ વિશે અયોગ્ય શબ્દો બોલનાર નવજોતસિંહ સિદ્ધુના વિરુદ્ધમાં જીપીપી દ્વારા બાપુનગર ચાર રસ્તા પાસે દેખાવો કરવામાં આવ્યા હતા.

### મુખ્યમંત્રીએ અડધો ડઝન સભા સંબોધી

# રાજ્યની પ્રજાની સેવા મારા જીવનનું ધ્યેય : મુખ્યમંત્રી

## મોંઘવારી દુર કરીશુંનું જુઠ્ઠાણું ફેલાવનારી કોંગ્રેસનો હિસાબ ચૂંકતે કરવા નરેન્દ્ર મોદીનું ગુજરાતની જનતાને આહ્‌વાન

અમદાવાદ, તા. ૨

ગુજરાતમાં ૧૩ અને ૧૭ ડિસેમ્બરના રોજ યોજાનારી ગુજરાત વિધાનસભાની ચૂંટણીના ભાજપના ઉમેદવારોના ચૂંટણી પ્રાચારાર્થે પહેલી ડિસેમ્બરે ભગવાન સોમનાથના દર્શન કરી મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ છ જાહેરસભાઓને સંબોધ કર્યુ હતુ. બીજી ડિસેમ્બરના રોજ મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ રાજપીપળા ખાતેથી ચૂંટણી પ્રચારનો પ્રારંભ કર્યો હતો. આજે ગુજરાતની જનતા જનાર્દનને રાજપીપળા ખાતે, સંબોધતા મુખ્યમંત્રી મોદીએ જણાવ્યું હતું કે છ કરોડ ગુજરાતીઓની સેવા અને કલ્યાણ મારા જીવનનું એક માત્ર લક્ષ્ય છે. મારા દિવસ રાત ગુજરાતવાસીઓની સેવામાં વિતાવવાનો સંકલ્પ લઈને હું જાહેરજીવનમાં કાર્યરત છું. તેમણએ ગુજરાતની ભાવિ પેઢી સુખી, સમૃદ્ધ, શક્તિશાળી બને તે માટે આજે તમારી સમક્ષ મત માંગવા આવ્યો છું. તમારો એક એક મત શક્તિશાળી ગુજરાતના નિર્માણની પાયાની ઇંટ બનશે તેવો મને વિશ્વાસ છે. તેમણે પ્રજાજનોને સંબોધતા જણાવ્યું હતું કે કુટુંબ અને સમાજજીવનમાં આપણે દિકરીને પરણાવીએ ત્યારે સામા પક્ષની સંપૂર્ણ તપાસ અને કુળ જોઈએ છે જે વાતને જણાવી તેમણએ ભાજપકુળ અને કોંગ્રેસકુલને પારખી પવિત્ર મતનો ઉપયોગ કરવા અપીલ કરી હતી. કોંગ્રેસ પાર્ટી અને કોંગ્રેસના નેતાઓને ગુજરાતને અને મુખ્યમંત્રી તરીકે મને શબ્દકોશની તમામ ગાળો આપી છે. જેનો જવાબ પ્રજા તેમને મતદાનમાં આપસે તેવો આશાવાદ વ્યક્ત કર્યો હતો. કોંગ્રેસ પાર્ટીએ મોંઘવારી ઘટાડવાની વાત કરી હતી અને આજે દેશમાં કેવા પ્રકારની સ્થિતિ નિર્માણ કરી છે તે મુદ્દાને પ્રજાએ યાદ રાખી જુઠ્ઠાણાઓનો પર્યાય બનેલી કોંગ્રેસને ગુજરાતમાંથી વિધાનસભાની ચૂંટણીમાં સફાયો કરવા હાકલ કરી હતી.

### જીપીપીના કાર્યકરો દ્વારા સિદ્ધુના પુતળાનું દહન

અમદાવાદ, તા. ૨

ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં ભાજપના સ્ટાર પ્રચારક ગણાતા નવજોત સિદ્ધુએ જીપીપીના અધ્યક્ષ કેશુભાઈ પટેલને દેશદ્રોહી કહીને નીમ્નકક્ષાના આક્ષેપો કરતા તેના વિરોધમાં ગુજરાત પરિવર્તન પાર્ટીના કાર્યકરોએ આજે અમદાવાદના નહેરૂબ્રિજ અને બાપુનગર ખાતે વિરોધ પ્રદર્શિત કરીને નવજોત સિદ્ધુના પૂતળાનું દહન કર્યુ હતુ.

ભાજપના સ્ટાર પ્રચારક નવજોત સિદ્ધુએ વિસાવદરની સભામાં કેશુભાઈ પટેલને દેશદ્રોહી કહ્યા હતા એટલું જ નહીં પણ તેમની સામે વ્યક્તિગત પ્રહારો પણ કર્યા હતા. આથી ગુજરાત પરિવર્તન પાર્ટીના કાર્યકરો રોષે ભરાયા હતા. આજે ગુજરાત પરિવર્તન પાર્ટી દ્વારા નવજોત સિદ્ધુના પુતળાદહનનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો જેમાં નહેરૂબ્રિજ પાસે પુતળાદહનનો કાર્યક્રમ શાંતિથી આટોપાયો હતો જ્યારે બાપુનગર ખાતે સિદ્ધુના પુતળાનું દહન કરવા જતાં પોલીસે કેટલાક કાર્યકરોની અટકાયત કરી હતી.

# કમલા બેનિવાલ રાજીનામુ આપે : ભાજપ

## રાજ્યપાલ બેનીવાલ વિરુદ્ધ અદાલતે તપાસનો હુકમ કર્યો : સરકારી જમીન હડપ કરવાના મામલે એક મહિનામાં તપાસ રિપોર્ટ આપવા માટે જયપુર અદાલતનો આદેશ

અમદાવાદ, તા. ૨

ભાજપના પ્રદેશ પ્રવક્તા આઈકે જાડેજાએ જણાવ્યું હતુ કે જયપુરની ડિસ્ટ્રીક્ટ સેશન કોર્ટની કલમ ૨૦૨ હેટળ ગુજરાતના રાજ્યપાલ કમલા બેનીવાલ અને તેમની સંસ્થા કિસાન સામુહિક કૃષિ સહકારી સમિતી જયપુર વિરુદ્ધ પોલીસ તપાસનો હુકમ કર્યો ચે અને એક જ મહિનામાં એટલે કે ૨૧ ડિસેમ્બર ૨૦૧૨ના રોજ તેનો અહેવલા રજુ કરવા આદેશ કર્યો છે. કોર્ટે બેનીવાલ તથા તેમની સંસ્થા દ્વારા કરવામાં આવેલી ફોર્જરી તથા સરકારી જમીન હડપ કરવા જેવા મામલે તેમના પર કલમ ૨૦૨ની ધારા લગાવી છે. અને કોર્ટે આ અંગે ખૂબ ચિંતા તથા આશ્ચર્ય વ્યક્ત કર્યુ છે. આ મામલે ભાજપના રાષ્ટ્રીય મંત્રી કિરીટ સોમૈયાએ દેશના રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જીને પોતાની રજુઆત કરી હતી અને રાષ્ટ્રપતિને જયપુર કોર્ટનો આદેશ પત્ર રજૂ કરીને માંગણી કરી હતી કે નિષ્પક્ષ તથા ન્યાયી તપાસ થઈ શકે તે હેતુથી કમલા બેનીવાલને તમામ સરકારી હોદ્દાઓ પરથી તાત્કાલિક ધોરણે દૂર કરવામાં આવે. કિરીટ સોમૈયાએ રાષ્ટ્રપતિને રાજસ્થાન કો-ઓપરેટીવ રજીસ્ટ્રાર દ્વારા મે-૨૦૧૨માં જારી કરેલો હુકમ પણ બતાવ્યો હતો.

જેમાં રજીસ્ટ્રારે સ્પષ્ટપણે જણાવ્યું હતું કે રાજ્યપાલ હોવા છતાં બેનીવાલે જયપુરની તેમની સંસ્થા કિસાન સામુહિક કૃષિ સહકારી સમિતીની એક્ઝીક્યુટીવ કમિટી મીટીંગમાં હાજરી આપી હતી. બેનીવાલે બીજાઓ સાથે મળીને સરકારી જમીન હડપ કરવા માટેનું કારસ્તાન કરેલું છે. રજીસ્ટ્રારે રાજસ્થાન સરકારને ક્મલા બેનીવાલ તથા અન્યોની વિરુદ્ધ ક્રિમીનલ પ્રોસીડીંગ શરૂ કરવા જણાવ્યું છે.

### ગાંધીનગર જિલ્લાના પાંચ જનરલ ઓબ્ઝર્વરોની હાજરીમાં

# જિલ્લા ચૂંટણીના અધ્યક્ષ સ્થાને ચૂંટણી તંત્ર દ્વારા કરવામાં આવેલ કામગીરીની સમીક્ષા બેઠક યોજાઈ




ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર જિલ્લામાં સમાવિષ્ટ પાંચ વિધાનસભા મતદાર વિભાગ અનુસાર નિમાયેલ પાંચ જનરલ ઓબ્ઝર્વરશ્રીઓ અને જિલ્લાના પોલીસ ઓબ્ઝર્વરશ્રીની ઉપસથિતિમાં અને જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર શ્રી પી.સ્વરૂપના અદયક્ષ સ્થાને મહત્વની બેઠક જિલ્લા સેવા સદન ખાતે આજરોજ મળી હતી. આ બેઠકમાં જિલ્લા ચૂંટણીતંત્ર દ્વારા કરવામાં આવેલ સમગ્રયતા કામગીરીની સમીક્ષા કરવામાં આવી હતી.

આ બેઠકમાં જિલ્લા ચૂંટણી અધિકારી શ્રી પી.સ્વરૂપે પાંચ વિધાનસભા બેઠકના ચૂંટણી નિરીક્ષક અને પોલીસ નિરીક્ષક સમક્ષ જિલ્લા ચૂંટણી કામગીરીના આયોજનની વિગતો દર્શાવતું ્રેઝન્ટેશન રજૂ કર્યું હતું. જેમાં જિલ્લાના ભૌગોલિક વિસ્તાર, જિલ્લાના તાલુકા, ગામ અને વસ્તી અંગેની માહિતી ઉપરાંત જિલ્લાના કુલ મતદારોમાં સ્ત્રી અને પુરૂષ અને યુવાન મતદારોની સંખ્યાની આંકડાકીય માહિતી દર્શાવી હતી. ઇ.પી. રેશિયો, જેન્ડર રેશિયો, એપિક- ફોટો ઓળખ પત્ર, મતદાન મથકો, ઈવીએમ મશીનના ઝીરો અને ફર્સ્ટ રેન્ડેમાઈઝેશનની વિસ્તૃત વિગત રજૂ કરી હતી. ચૂંટણી -ક્રિયા શાંતિપૂર્ણ માહોલમાં પુર્ણ થાય તે માટે ચૂંટણીમાં કામ કરનાર સ્ટાફ, એમસીસી, એકસપેન્ડિચર મોનિટરિંગ સેલની વિવિધ ટીમો વી.એસ.ટી, વી.વી.ટી, એસ.એસ.ટી, એમસીએમસી ટીમની કેટલી ટીમો જિલ્લામાં કાર્યાન્વિત છે, તે સાથે એસએસટી અને ફલાઈંગ સ્ક્વોર્ડએ કરેલ કામગીરીની આંકડાકીય માહિતી પણ આપી હતી. તે ઉપરાંત મતદાન ગણતરીની વ્યવસ્થા, પોસ્ટલ બેલેટ અને સ્વીપ અંતર્ગત થયેલ કામગીરીની વિસ્તૃત માહિતી આપી હતી.

જિલ્લા પોલીસ વડા શ્રી શરદ સિંઘલે પોતાના ્રેઝન્ટેશનમાં મતદાન અને મત ગણતરીના દિવસે પોલીસ ડિપ્લોયમેન્ટ પ્લાન, પોલીસ બંદોબસ્ત, મતદાન મથકો પર પોલીસ કર્મીઓની અને ફોર્સની ગોઠવણી, બુથ બંદોબસ્ત, મોબાઈલ પેટ્રોલિંગ, જેવી અનેક કાયદો - વ્યવસ્થા જાળવવા કરેલા માઈક્રો પ્લાનીંગની વિસ્તૃત માહિતી આપી હતી. તે ઉપરાંત આદર્શ આચાર સંહિતા અમલમાં આવ્યા બાદ જિલ્લા પોલીસ તંત્રએ કરેલી દારૂ સીઝ, હથિયારોના પરવાના, વલ્નરેબલ વિસ્તારો, નોન બેલેબલ વોરન્ટ, રાત્રિ દરમ્યાનની નાકાબંધી જેવી અનેક કામગીરીની આંકડાકીય માહિતી આપી હતી. દરેક વિધાનસભા બેઠક અનુસાર પણ કેટલા પોલીસ કર્મી - પેરા મિલિટરી ફોર્સના જવાનો કામ કરવાના છે તેની પણ વિગતો રજૂ કરી હતી. ઓબ્ઝર્વરશ્રીઓ સમક્ષ પાંચ વિધાનસભાના ચૂંટણી અધિકારીશ્રીઓ દ્વારા પોતાના મત વિસ્તારની માહિતી રજૂ કરવામાં આવી હતી. જેમાં સંબંધિત વિધાનસભા મતદાન મથકોમાં ક્રિટિકલ અને વલ્નરેબલ મતદાન મથકો નક્કી કરવા કયો આધાર લેવામાં આવ્યો છે, તેની વિસ્તૃત છણાવટ કરી હતી. ઓબ્ઝર્વરશ્રીઓને ચૂંટણી અંગેની કરેલ કામગીરીથી અને મત વિસ્તારના ઉમેદવારોથી વાકેફ કર્યા હતા.હવે પછી તા. ૨૦મી ડિસેમ્બર સુધીની જે કામગીરી કરવાની થાય છે .તેનું કલેન્ડર તૈયાર કરી ઓબ્ઝર્વરશ્રીઓને રજૂ કરવાનું પણ કહ્યું હતું

ગાંધીનગર જિલ્લા માટેના નિમાયેલા ચૂંટણી નિરીક્ષકશ્રીઓએ નિષ્પક્ષ, ન્યાયી અને શાંતિપૂર્ણ વાતાવરણમાં ચૂંટણી -ક્રિયા યોજાય તેમજ ચૂંટણીલક્ષી કોઈ ફરિયાદ હોય, કોઈ મંજુરીઓ આપવાની હોય તે બાબતે શક્ય ત્વરાએ કાર્યવાહી થાય તે અંગે ખાસ સૂચના આપી હતી.

# મહિલા મોરચાના રાષ્ટ્રીય અધ્યક્ષા સ્મૃતિ ઈરાની અને પરેશ રાવલ, મનોજ જોષીની જાહેરસભાઓ

ભાજપાના મહિલા મોરચાના રાષ્ટ્રીય અધ્યક્ષા અને ગુજરાતના રાજ્યસભાના સાંસદ શ્રીમતી સ્મૃતિ ઈરાની ૩ ડિસેમ્બરના રોજ ગુજરાતમાં ત્રણ જાહેરસભાઓ અને ફિલ્મ કલાકાર શ્રી પરેશ રાવલ ૫ જાહેરસભાઓને સંબોધન કરશે અને શ્રી મનોજ જોષી ૩ જાહેરસભાઓને સંબોધશે.

ભાજપાના પ્રદેશ મીડીયા સહ ઈન્ચાર્જ ડૉ. હર્ષદ પટેલે સ્મૃતિ ઈરાની અને શ્રી પરેશ રાવલના કાર્યક્રમોની વિગતો આપતા જણાવ્યું છે કે સ્મૃતિ ઈરાની બપોરે ૩.૦૦ કલાકે માણેકપુર હાઈસ્કુલ મેદાન, સરાઈગામ ખાતે જાહેરસભાને સંબોધન કરીને ચૂંટણી પ્રચાર સભાનો પ્રારંભ કરશે.

શ્રી સ્મૃતિ ઈરાની ઉંમરગામ વિધાનસભામાં સભાને સંબોધી દાન હોટલ, સી-કોલોની, વાપી ખાતે સાંજે ૭.૦૦ કલાકે સભાને સંબોધન કરશે. ફિલ્મ કલાકાર શ્રી પરેશ રાવલ ૩ ડિસેમ્બરના રોજ સવારે ૧૧.૦૦ કલાકે બાવળા ખાતે, ૧૨.૩૦ કલાકે ધોળકા ખાતે, ૩.૦૦ કલાકે સાણંદ ખાતે, ૪.૩૦ કલાકે પાટડી ખાતે અને સાંજે ૭.૩૦ કલાકે સુરેન્દ્રનગર ખાતે સભાને સંબોધશે.

શ્રી મનોજ જોષી જુનાગઢ જીલ્લાના માંગરોલ ખાતે બપોરે ૧૧.૦૦ કલાકે, ઉના ખાતે ૨.૪૫કલાકે અને અમદાવાદના ગોમતીપુર દરવાજા પાસે રાત્રે ૭.૦૦ કલાકે સભાને સંબોધન કરશે.

### ભાજપાના ઉમેદવારોને બ્રહ્મ સમાજનો ટેકો

શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મ સમાજના પ્રમુખ શ્રી મહેશ મહેતા (એડવોકેટ)એ જણાવેલ છે કે, શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મ સમાજ ભાજપાને સંપૂર્ણ ટેકો જાહેર કરે છે અને દરેક ભાજપાના ઉમેદવારોને વિજયી બનાવવા હાકલ કરે છે. શ્રી નરેન્દ્રભાઈ મોદીની ગુજરાતની વિકાસ યાત્રામાં બ્રહ્મસમાજને જોડાઈ જવા અને ભારત દેશમાં ગુજરાતનું નંબર વન પ્રતિબિંબ જાળવી રાખવા જણાવેલ છે. બ્રાહ્મણો પત્થરની મૂર્તિમાં પ્રાણ પૂરી શકે છે તો પ્રજાના દિલમાં વિકાસરૂપી પ્રાણ પુરી ભાજપાને ગુજરાતમાં વિજયી બનાવશે તેમાં બે મત નથી. તેથી ગુજરાતના વિકાસને વધુ વેગવંતો બનાવવાના ભગીરથ પુરુષાર્થમાં જોડાઈને ભાજપાના ઉમેદવારોને સમગ્ર ગુજરાતમાં વિજયી બનાવવા જણાવેલ છે.

### NCPના પ્રદેશ ઉપપ્રમુખ ભાજપામાં જોડાયાં

જમાલપુર ખાડીયા વિધાનસભાના ભાજપાના ઉમેદવાર શ્રી ભૂષણભાઈ ભટ્ટના ચૂંટણી પ્રચારાર્થે વસંત રજબ ચાર રસ્તા બહેરામપુરા ખાતે હિમાચલ પ્રદેશનાં મુખ્યમંત્રી શ્રી પ્રેમકુમાર ધુમ્મલજીની યોજાયેલી જાહેર સભામાં NCP પાર્ટીના પ્રદેશ ઉપાધ્યક્ષ હબીબભાઈ શેખ ૨૦૦ કાર્યકર્તાઓ સાથે ભાજપામાં જોડાયા છે. ઈન્ટુકના મહામંત્રી ઈમરાનખાન ૧૦૦ કાર્યકરો સાથે ભાજપામાં જોડાયા છે. ભાજપાના શ્રી નરેન્દ્રભાઈ મોદીની વિકાસયાત્રાને આગળ ધપાવવા જોડાઈ ગયા છે.

# દરિયાપુર વિધાનસભાના ઉમેદવાર ભરત બારોટનો શાહપુરમાં કેસરિયા રાઉન્ડ યોજાયો

દરિયાપુર વિધાનસભામાં સતત છઠ્ઠીવાર ઉમેદવારી કરનાર શ્રી ભરતભાઈ બારોટનો આજે શાહપુરમાં ઘાંચીઓળ વિસ્તારથી કેસરિયા રાઉન્ડ યોજાયો હતો. શાહપુર વિસ્તારના પ્રજાજનો અને નાગરિકોએ શ્રી ભરત બારોટનું ઉમળકાભેર સ્વાગત કર્યું હતું.

શાહપુર વિસ્તારની પોળોમાં અને ચાલીઓમાં ભારત માતાકી જય, વંદેમાતરમ્‌ના નારા સાથે કેસરીયા રાઉન્ડ યોજાયો હતો. શાહપુરના રાઉન્ડમાં ભાજપાના પ્રદેશ ઉપાધ્યક્ષ શ્રી કૌશિકભાઈ પટેલ, ભાજપાના પ્રદેશ મીડીયા ઈન્ચાર્જ ડો. જગદીશ ભાવસાર, કોર્પોરેટરો શ્રીમતી ફાલ્ગુનીબેન શાહ, શ્રી કૌશિકભાઈ જૈન, શ્રી જગદીશભાઈ દાતણિયા સહિત કાર્યકરો, બહેનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા તેમ ભાજપાના શાહપુર વોર્ડના પ્રમુખશ્રી સુનિલ શાહ અને મહામંત્રી શ્રી વીરેન શેઠે એક યાદીમાં જણાવ્યું છે.